RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 88 * Date: 17.01.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# ભારતના સેક્યુલર માળખા માટે પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ જરૂરીઃ સુપ્રીમ કોર્ટ પહોંચી કોંગ્રેસ



પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટને લઈને કોંગ્રેસે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ મામલે ઘણી અરજી પહેલાંથી લંબિત છે. જેના પર ૧૭ ફેબ્રુઆરીએ સુનાવણી થશે. કોંગ્રેસે પોતાની અરજીમાં આ કાયદાને ભારતના ધર્મનિરપેક્ષ માળખા માટે જરૂરી જણાવ્યો છે. નોંધનીય છે કે, આ મામલે સુપ્રીમ કોર્ટે અન્ય અરજીની સુનાવણી વખતે ૧૨ ડિસેમ્બરે અંતિમ આદેશ આપી દીધો છે. જે આદેશમાં દેશભરની કોર્ટને હાલ કોઈપણ ધાર્મિક સ્થળોના સરવેનો આદેશ ન આપવા માટે કહેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઝમીયત ઉલેમા-એ-હિન્દ, ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી (ઝૅસ) પણ ૧૯૯૧ના પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટને જાળવી રાખવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી ચુક્યા છે. ઝૅસ એ દેશભરમાં મસ્જિદ અને દરગાહો માટે હિન્દુ મંદિર હોવાનો દાવો કરતાં દાખલ અરજીમાં ચાલી રહેલાં કેસનો વિરોધ કર્યો છે. પાર્ટીએ તેને ધર્મનિરપેક્ષતાની વિરોધમાં જણાવ્યું તેમજ આ કેસોને ધર્મનિરપેક્ષતા માટે જોખમ પણ જણાવ્યાં.પૂજા સ્થળ સંબંધિત વિવાદમાં 'પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ' (પૂજા સ્થળ અધિનિયમ) લાગુ પડે છે. ૧૯૯૧માં દેશની સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ આ કાયદો કહે છે કે, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કોઈપણ પૂજા સ્થળનું જે સ્વરૂપ હતું, એ જેમનું તેમ જળવાવું જોઈએ, તેની ધાર્મિક પ્રકૃતિ અને ધાર્મિક ઓળખ સમાન રહેવી જોઈએ, તેની સાથે કોઈપણ પ્રકારના ચેડા ન થવા જોઈએ.

આ કાયદાને ચેલેન્જ કરતાં ઘણી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું કે, આ કાયદો હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ સંપ્રદાયને પોતાનો અધિકાર માંગવાથી વંચિત કરે છે. કોઈપણ બાબતને કોર્ટ સુધી લઈને આવવી એ દરેક નાગરીકનો બંધારણીય અધિકાર છે. પરંતુ, પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટ નાગરિકોને આ અધિકારથી વંચિત રાખે છે. આ ન ફક્ત ન્યાયના મૌલિક અધિકારનું હનન કરે છે, પરંતુ ધાર્મિક આધાર પર પણ ભેદભાવ કરે છે.સીપીએમના પોલિત બ્યૂરો સભ્ય પ્રકાશ કરાત દ્વારા દાખલ કરવામાં આવેલી દાખલ અરજીમાં માંગ કરવામાં આવી છે કે, પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટને ચેલેન્જ કરનારી તમામ અરજીને સુપ્રીમ કોર્ટ રદ કરી દે. પાર્ટીએ કહ્યું કે, આ કાયદો ભારતના ધર્મનિરપેક્ષાના માળખા અનુસાર છે. .સુપ્રીમ કોર્ટે ગત સુનાવણી પર સ્પષ્ટ કરી દીધું હતું કે, ધર્મસ્થળોને લઈને નવા કેસ દાખલ તો થઈ શકે છે, પરંતુ કોર્ટ તેને રજિસ્ટર ન કરે, ન તેના પર કોઈ કાર્યવાહી કરે. પહેલાંથી ચાલી રહેલાં કેસમાં પણ સરવે સહિત કોઈ પ્રભાવી આદેશ ન આપવામાં આવે.

## ચીને હેકર્સની ફોજ તૈયાર કરી, ભારત પર સાઈબર હુમલાનો ખતરો, બેન્કોને બનાવી શકે નિશાન



ભારતીય સરહદે ચીનની અવળચંડાઈ હજુ ખતમ નથી થઈ, ખુદ ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ચીન સાથે સરહદે વિવાદ ખતમ નથી થયો, જેને પગલે હાલ ભારતીય જવાનોને સરહદેથી હટાવવામાં નહીં આવે. આ અહેવાલો વચ્ચે હવે અન્ય એક ખતરનાક માહિતી સામે આવી છે. ચીન એવા હેકર્સની આખી ફૌજ તૈયાર કરી રહ્યું છે જેનો ઉપયોગ ભારત સહિતના પાડોશી દેશોમાં આર્થિક સ્થિતિ ડામાડોળ કરવા માટે થઈ શકે છે. આ હેકર્સ ભારતીયોને નિશાન બનાવીને મોટી રકમ પડાવી રહ્યા છે. એટલુ જ નહીં ચીનમાં અન્ય દેશોને ટાર્ગેટ કરવા માટે હેકર્સને વિશેષ તાલિમ પણ અપાઈ રહી હોવાનો ખુલાસો થયો છે. દરમિયાન જાપાન પર ચીની હેકર્સ દ્વારા ૨૦૦ જેટલા સાઈબર હુમલાનો રિપોર્ટ સામે આવ્યો છે. તમિલનાડુના તિરુચિરાપલ્લીનો રહેવાસી મેકેનિકલ એન્જિનિયર વિગ્નેશ્વર મુરુગનંધમ ચીનના હેકિંગ સ્કેમની લપેટમાં આવી ગયો હતો. તેની તાજેતરમાં ધરપકડ કરાતા આ સમગ્ર ખુલાસો થયો છે. તેની પૂછપરછમાં ચીન કઈ રીતે હેકર્સની ફૌજ તૈયાર કરી રહ્યું છે તે સામે આવ્યું છે. વિગ્નેશ્વરે જાપાનના કેટલાક લોકોને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા, જે બદલ તેની ધરપકડ કરાઈ હતી. તેણે પૂછપરછમાં ખુલાસો કર્યો છે કે મને ઓનલાઈન ચીનના કેટલાક લોકોનો સંપર્ક થયો હતો. આ ચીનના લોકોએ મને કંબોડિયામાં કામ કરવાની લાલચ આપી હતી. જેને પગલે હું વર્ષ ૨૦૨૪માં કંબોડિયા જતો રહ્યો. મને મોટી સંખ્યામાં ભારતીય બેન્કોમાં ખાતા ખોલવાનું કહેવામાં આવ્યું હતું. મને એક હોટેલમાં રાખવામાં આવ્યો, શરૂઆતમાં મારાથી બધુ છુપાવવામાં આવ્યું. મારા માલિકે મને નહોતુ જણાવ્યું કે આ ખાતા દ્વારા મોટી રકમની હેરાફેરી થઈ રહી હતી. વિગ્નેશ્વર મુરુગનંધમે વધુમાં મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે હું હેકિંગ અને ડિજિટલ એરેસ્ટના અપરાધની દુનિયામાં એકલો નહોતો, મારી સાથે ચીનના અનેક લોકો જોડાયેલા હતા. આ તમામ ચીની નાગરિકો ચીનના પાડોશી ભારત સહિતના દેશોને નિશાન બનાવી રહ્યા હતા.

## અમેરિકા, ફ્રાન્સ, કેનેડા, જાપાન... મહાકુંભના આ કેમ્પમાં ૯ વિદેશી મહામંડલેશ્વર છે સનાતનના પ્રચારક



મહાકુંભ ન માત્ર ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનો ઉત્સવ છે પરંતુ આ વિશ્વમાં સનાતન ધર્મના મહત્ત્વને જણાવે છે. પ્રયાગરાજ મહાકુંભના સેક્ટર ૧૭ માં આવું જ એક મુક્તિધામ કેમ્પ લગાવ્યું છે, જેમાં અમેરિકા, ફ્રાન્સ સહિત પશ્ચિમના ઘણા દેશોથી લગભગ ૪૦ સાધુ-સંત પહોંચ્યા છે, જે વિદેશોમાં સનાતન ધર્મનો પ્રચાર કરી રહ્યાં છે. આ કેમ્પ આધ્યાત્મિક સંત સાઈ માતા લક્ષ્મી દેવી મિશ્રાનો છે, જે જગદ્ગુરુ છે.

આ કેમ્પમાં નવ મહામંડલેશ્વર છે, જેમાં ત્રણ મહિલાઓ પણ સામેલ છે. વિદેશી મૂળના મહામંડલેશ્વર સનાતન ધર્મને પોતાની પ્રતિભા, શિક્ષણ અને અનુભવ દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રચાર અને પ્રસાર કરી રહ્યાં છે. તેમાંથી કોઈ પીએચડી, કોઈ સાઈકોલોજિસ્ટ, કોઈ મ્યુઝિશિયન તો કોઈ એન્જિનિયર છે. તેમાંથી કોઈની ઉંમર ૪૦ છે તો કોઈની ઉંમર ૭૫ વર્ષ છે.

જગદ્ગુરુ સાઈ મા અને તેમના વિદેશી મૂળના મહામંડલેશ્વર સંતોના ઘણા દેશોથી હિંદુ ધર્મ પ્રત્યે આસ્થા રાખનાર સેંકડો વિદેશી મૂળના અનુયાયીઓએ મહાકુંભનું અમૃત સ્નાન કર્યું. સાઈ મા ને ૨૦૦૭ ના પ્રયાગ અર્ધકુંભમાં વૈષ્ણવ સાધુ સમાજ દ્વારા જગદ્ગુરુ ઉપાધિ આપવામાં આવી હતી. પ્રયાગરાજમાં ૨૦૧૯ ના કુંભ મેળામાં, સાઈ મા ના નવ બ્રહ્મચારીઓને અખિલ ભારતીય શ્રી પંચ નિર્મોહી અની અખાડામાં મહામંડલેશ્વરના રૂપમાં દીક્ષા આપવામાં આવી. આ એક એવું સન્માન છે જે બ્રહ્મચારીઓના આવા આંતરરાષ્ટ્રીય જૂથને પહેલા ક્યારેય આપવામાં આવ્યું નથી.જગદ્ગુરુ સાઈ મા સ્વામી બાલાનંદાચાર્ય દ્વારા ૧૪૭૭ ઈસ્વીમાં સ્થાપિત અખિલ ભારતીય શ્રી પંચ નિર્મોહી અની અખાડાથી સંબંધિત છે. મોરેશિયસમાં એક હિન્દુ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલી સાઈ મા એ પોતાનું જીવન સનાતન ધર્મના શાશ્વત જ્ઞાનને વિશ્વભરમાં ફેલાવવા માટે સમર્પિત કરી દીધું છે. સાઈ મા એ દિવ્ય પ્રેમ અને સેવાના પ્રતીકના રૂપમાં કાશી (વારાણસી), ભારતમાં શક્તિધામ આશ્રમની સ્થાપના કરી, જેણે વિશ્વભરથી વિદ્યાર્થીઓને આકર્ષિત કર્યું છે.સાઈ મા એ અમેરિકા, જાપાન, કેનેડા, યુરોપ, ઈઝરાયલ અને દક્ષિણ અમેરિકામાં આધ્યાત્મિક કેન્દ્રોના નિર્માણને પ્રેરિત કર્યાં છે. પોતાની પરિવર્તનકારી ઉપદેશો અને પ્રથાઓના માધ્યમથી લોકોને એકજૂથ કર્યાં છે. આ સિવાય સાઈ મા શક્તિશાળી યજ્ઞો અને પ્રાચીન વૈદિક અનુષ્ઠાનોના માધ્યમથી ઉર્જાવાન રીતે કામ કરે છે જેથી વ્યક્તિઓ, સમુદાયો અને માનવતાને શુદ્ધ અને ઉન્ન કરવામાં આવી શકે.આધ્યાત્મિકતામાં પીએચડીની સાથે સાઈ મા એક પ્રેરક મુખ્ય વક્તા છે જે પોતાની ગાઢ બુદ્ધિ અને ગતિશીલ હાજરીથી વિશ્વભરના દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. તેની વ્યસ્તતાઓ આધ્યાત્મિક રીતે કેન્દ્રિત પોડકાસ્ટથી લઈને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સંમેલનો સુધી ફેલાયેલી છે.

તંત્રી લેખ...

## ડિસેમ્બરમાં જથ્થાબંધ ફુગાવો વધીને ૨.૩૭% થયો

ડિસેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારી વધીને ૨.૩૭% થઈ ગઈ છે. અગાઉ નવેમ્બરમાં તે ૧.૮૯% હતો. ઓક્ટોબર મહિનામાં તે ૨.૩૬% હતો. બટાકા, ડુંગળી, ઈંડા, માંસ, માછલી અને ફળોના જથ્થાબંધ ભાવમાં વધારો થયો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આજે એટલે કે ૧૪ જાન્યુઆરીએ આ આંકડા જાહેર કર્યા હતા.સામાન્ય માણસ પર હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (ૐ)ની અસર જથ્થાબંધ ફુગાવામાં લાંબા સમય સુધી વધારાની મોટા ભાગના ઉત્પાદક ક્ષેત્રો પર નકારાત્મક અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઉંચા રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ઉપભોક્તાઓ પર નાખે છે. સરકાર માત્ર કર દ્વારા જ હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સને નિયંત્રિત કરી શકે છે.ઉદાહરણ તરીકે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં, સરકારે ઈંધણ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જો કે, સરકાર એક મર્યાદામાં જ ટેક્સમાં ઘટાડો કરી શકે છે. ૐમાં, મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનને વધુ વેઈટેજ આપવામાં આવે છે.જથ્થાબંધ ફુગાવાના ત્રણ ભાગ પ્રાથમિક લેખ, જેનું વજન ૨૨.૬૨% છે. ઈંધણ અને પાવરનું વેઈટેજ ૧૩.૧૫% છે અને ઉત્પાદિત ઉત્પાદનોનું વેઈટેજ સૌથી વધુ ૬૪.૨૩% છે. પ્રાથમિક લેખમાં પણ ચાર ભાગ છે.

ફુગાવો કેવી રીતે માપવામાં આવે છે? ભારતમાં ફુગાવાના બે પ્રકાર છે. એક રિટેલ અને બીજી જથ્થાબંધ ફુગાવો. છૂટક ફુગાવાનો દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત છે. તેને કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (ૐ) પણ કહેવામાં આવે છે. તે જ સમયે, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (ૐ)નો અર્થ એ છે કે જે કિંમતો એક વેપારી જથ્થાબંધ બજારમાં બીજા વેપારી પાસેથી વસૂલે છે.

# પુણેમાં સેનાએ ૭૭મો સ્થાપના દિવસ ઉજવ્યો:સળંગ ત્રીજા વર્ષે દિલ્હીની બહાર આર્મી ડે પરેડ યોજાઈ; ૫૨ એવોર્ડ પણ અપાયા



ભારતીય સેનાએ બુધવારે મહારાષ્ટ્રના પુણેમાં ૭૭માં આર્મી ડેની ઉજવણી કરી. પુણેમાં આર્મી ડે પરેડ બોમ્બે એન્જીનીયર્સ ગ્રુપ અને સેન્ટર પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. આ સાથે, આ સતત ત્રીજું વર્ષ છે જયારે દિલ્હીની બહાર આર્મી ડે પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૨૩માં, આર્મી ડે બેંગલુરુમાં ઉજવવામાં આવ્યો હતો, જયારે ગયા વર્ષે તે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં મનાવવામાં આવ્યો હતો.

આર્મી ડે સેલિબ્રેશનમાં ૫૨ એવોર્ડ પણ આપવામાં આવ્યા હતા. આમાં ૧૫ સેના મેડલ (વીરતા) સામેલ છે, જેમાંથી ૮ મરણોત્તાર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિવિધ કમાન્ડના એકમોના શ્રેષ્ઠ પ્રયાસો માટે ૩૭ ચીફ ઓફ આર્મી સ્ટાફ (ૐછજી) યુનિટ પ્રશંસા પુરસ્કાર આપવામાં આવ્યા હતા.આ પરેડની શરૂઆત પહેલા આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કમાન્ડ વોર મેમોરિયલ પર પુષ્પાંજલી અર્પણ કરી હતી. તેમણે દેશ માટે બલિદાન આપનાર બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સમીક્ષા અધિકારી તરીકે પરેડ દરમિયાન સલામી આપી હતી. આ પરેડનું નેતૃત્વ મેજર જનરલ અનુરાગ વિજે કર્યું હતું, જેઓ દક્ષિણ મહારાષ્ટ્ર અને ગોવા સબ એરિયાના જનરલ ઓફિસર કમાન્ડિંગ છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આર્મી ડે નિમિત્તે ઠ પોસ્ટમાં કહ્યું- આર્મી ડેના અવસરે હું ભારતીય સેનાના સૈનિકો, ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને શુભેચ્છા પાઠવું છું. રાષ્ટ્રની સાર્વભૌમત્વની રક્ષા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમારી અતૂટ પ્રતિબદ્ધતા આપણા બધા માટે પ્રેરણારૂપ છે. માતૃભૂમિની સેવામાં આપેલા અસંખ્ય બલિદાનોને આ દેશ કૃતજ્ઞતા સાથે યાદ કરે છે. સંકટ અને આફત દરમિયાન તમે દયા અને સહાનુભૂતિ દર્શાવીને મદદ કરો છો. તમારી આ બહાદુરી અને હિંમત આવનારી પેઢીઓને હંમેશા પ્રેરણા આપશે.પીએમ મોદીએ કહ્યું કે આર્મી ડેના અવસરે અમે ભારતીય સેનાના અતૂટ સાહસને સલામ કરીએ છીએ. આ હિંમત આપણા દેશની સુરક્ષાની રક્ષક છે. અમે એવા સૈનિકોને પણ યાદ કરીએ છીએ જેમણે લાખો ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

પોતાના સંબોધનમાં જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ભારતીય સેનાના તમામ રેન્ક, તેમના પરિવારો, નિવૃત્ત સૈનિકો, શહીદોની વિધવાઓ અને નાગરિક સંરક્ષણ કર્મચારીઓને આર્મી ડેની શુભેચ્છાઓ આપી હતી. દેશ માટે બલિદાન આપનારા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા ઉપરાંત, તેમણે એ પણ સુનિશ્ચિત કર્યું કે તેમના પરિવારોની સંભાળ લેવી એ સેનાની પ્રાથમિકતા છે.

# નામ બદલવામાં માહિર સરકારે પાઠયપુસ્તકમાં મર્હૂમ શાયરનું નામ અલાહાબાદીમાંથી પ્રયાગરાજ કરી નાંખ્યું!

માણસ જન્મે ત્યારે એક ચીજ જળોની જેમ ચોંટે છે. માણસના મરણ બાદ પણ તે ચીજ માણસનો છાલ છોડતી નથી. તમે જે સમજો છો તેની વાત હું કરતો નથી. યેસ ગોરધન કે ઘરવાળાની વાત નથી! માણસ પર નામનું લેબલ ચિપકાવવામાં આવે છે. તે નામનું લેબલ વ્યક્તિના મરણ બાદ પણ ફેવિકોલ કી જોડ કી તરહ ચિપકેલ રહે છે.

જૂના જમાનામાં છોકરા કે છોકરીના લગ્ન કરતી સમયે તેની ઈચ્છા કે ઈવન અનિચ્છા જાણવાની વાત તો બાજુ પર રહી. પરંતુ, છોકરા કે છોકરીને લગ્નના પાર્ટનર માટે કોઇ એસ્પિરેશન કે ડીઝાયર હોય એવું પણ અંગ્રેજ જમાના કે જેલર જેવા વડીલોને પલે પડતું ન હતું! અમે નક્કી કરીએ તે છોકરા કે છોકરીને પરણી જવાનું. લગ્ન પહેલાં છોકરા કે છોકરી એકમેકને જુવે, સમજે એવું તો મગજ વગરના વડીલો વિચારતા ન હતા. લગ્ન સમયે છોકરી ખુલ્લા મોઢે ફેરા ફરી શકતી ન હતી. લગ્નની સુહાગરાતે જ છોકરાને ખબર પડે કે ચાંદવી કા ચાંદ છે કે અમાસનો ચાંદ છે! નવજાતના નામકરણમાં પણ સેમ ટુ સેમ સિચ્યુએશન છે. જે છોકરા કે છોકરીના ગળે નામ રૂપી ઘંટીનું પડ વેંઢારવાનું હોય તેનો કોઇ મત જ લેવાય, એ કેટલું અન્યાયી કહેવાય?જવાબ છે કે અન્યાયકારી કહેવાય. જવાબ પૂરો! કોઇ છોકરાનું નામ ચંદ્રકાંત પાડેલ હોય તેને ઘર કે ગામમાં ચંદિયો રહેતા હોય. બાળપણના હુલામણા નામો સિતેર વરસની વયે આહ્લાદક લાગે છે. ભરબજારે ભદ્રેશભાઇ બુમ પાડો તો પાર્ટી ન સાંભળે પણ એ ભદિયા બુમ પાડો તો પાર્ટીના પગમાં એબીએસ બ્રેક લાગી જાય.નામનું કેવું ઘોર અવમૂલ્યન. અરે,.બોસ રૂપિયાનું ડોલર સામે અવમૂલ્યાંકન થતું નથી એટલું અવમૂલ્યન ચંદ્રકાંત નામનું થયું.કેટલાક નામ ઉપરાંત હુલામણા નામનો ભાર વેંઢારતા હોય છે. કેટલાક જીંદગીભર બાબલો કે બેબી બની રહે છે. પછી ભલે, એ દાદા કે દાદી બને પણ બાબલા બેબલીનું લેબલ ન ભૂંસાય તે ન જ ભૂંસાય!દ ગબ્બરનું નામ પાડી ન શકે તેથી ફોઇ નામ પાડે છે. સંભવ છે કે ફઈએ પાડેલ નામ જુનવાણી હોય તો નામ બધાને ધાધરની માફક ચચરે છે!! પછીના દોરમાં ફઇના અધિકારનું બાહુલ્ય ઘટ્યું છે!હવેના જમાનામાં માબાપ ઢંગધડા વગરના નામ રાખે છે. દીકરીનું નામ મિકી રાખે છે પણ દીકરાનું નામ માઉસ રાખતા નથી. એક છોકરીનું નામ સી-જીી છે. ભગવાન જાણે શું અર્થ નીકળતો હશે?

કવિ લેખકો સરસ મજાનું નામ હોય અને તખુલ્લસ રાખે. એક રમેશ પટેલ લેખક છે ઉપનામ ક્ષ રાખેલ છે! એક ભાઇએ નાદાન ઉપનામ રાખેલ છે. ભૈ નાદાન હોઈએ તો પણ શા માટે ડંકે કી ચોટ પર હુ નાદાન છું એવું કબૂલ શું કામ બકો છો? મનુભાઇ ત્રિવેદી જેવું નામ હોય અને ગાફેલ ઉપનામ રાખે. સાહિત્યમાં ભલે ગાફેલ રહો પણ જિંદગીમાં ગાફેલજીવી ન થતા ! આપણને રોજે રોજ દેખાતો હોય અને તખુલ્લસ ધૂમકેતુ રાખે! આપણા કવિ કલાપી . કેટલું સુંદર નામ છતાં ઉપનામ રાખ.કેટલાક સાક્ષરો એક ઉપનામથી ધરાય નહીં. સાત પૂંછડીયા ઉંદરની માફક એકથી વધુ ઉપનામ રાખે!

સિનેમાના હીરો હીરોઇન એકટિંગમાં ઉકાળે નહીં અને ન્યુમરોલોજિસ્ટના વાદે ચડીને નામના સ્પેલિંગમાં સિંગલને બદલે ડબલ એ ઉમેરે. અલ્યા, આટલું ધ્યાન એકટિંગનાં આપે તો પઠાણ, જુવાન કે એનિમલ પણ હીટ જાય. પછી ભલે ફિલ્મમાં ભઠિયો ની મલે!

મોટાભાગના મુસ્લિમ એકટર એકટ્રેસે ફિલ્મી પડદે હિન્દી નામ રાખીને સકસેસ મેળવી છે. યુસુફખાન ઓરિજનલ નામે એકટિંગ કરી હોત તો દિલીપકુમારની એકટિંગની દુકાન સંકેલાઇ ગઇ હોત.રાજીવ ભાટિયા નામ રાખી ખિલાડી અક્ષયકુમારે એકટિંગ કરી હોત તો મહા ફલોપ હીરો હોત! શેકસપિયર ભલે કહી ગયા હોય કે વોટ ઇઝ ઇન ધી નેઇમ? આપણા નરસિંહ મહેતાએ કહ્યું છે કે ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા અંતે તો હેમનું હેમ હોયે!! એમ તો ગુલઝાર સાહેબનું સદાબહાર ગીત છેઃ 'નામ છે તો કામ છે, કામ છે તો દામ છે,દામ છે તો લકઝરી તામજામ છેમોંધા જાન છે. દામ છે તો રામ કે શ્યામ છે. વર્ના આરામ હી આરામ છે!

કોઇને પોતાનું નામ દેશી લાગે, જમાનાને અનુરૂપ ન લાગે તો એફિડેવિટ કરી નવા નામની ગેઝેટ પર્સિધ્ધિ કરાવી નામ બદલી શકે છે. અમુક તમુક રાજ્ય કે જાતિમાં લગ્ન પઈ છોકરીનું નવું નામ રાખવામાં આવે છે. લગ્ન કર્યા બાદ છોકરાએ નામ બદલવું પડે તેવો રિવાજ કે કિસ્સો ધ્યાને આવેલ નથી. તમારા ધ્યાને હોય તો અમારા ધ્યાને મુકવા વિનંતી છે!

આપણા દેશમાં શેરબજાર, વેપાર, ઉધ્યોગ, ધંધામાં તેજીમંદી, આરોહઅવરોહ , તડકીછાંયડી , અપસ એન્ડ ડાઉન આવતા રહે છે. એક એવી પ્રવૃતિ છે કે જેમાં મંદી આવતી નથી. તમે કહેશો કે ગોસિપ, નિંદા કૂથલી. તમે સદંતર ખોટા છો. આ દેશના નાન બદલવાની પ્રવૃત્તિમાં હંમેશા તેજીનો આખલો હીકોટા અને છીંકોટા કરે છે. આપણે નામ બદલવામાં મહારત હાંસલ કરી છે. કોંઇ શક?? આપણે નામબદલાજીવી પ્રજા છીએ! મને ખબર છે કે હલકું લોહી લેંખકોનું . તમે મારી વાતને મનઘડંત કહેશો.

આપણે ત્યાં નામ બદલવાની પરંપરા ૭૦૦ વર્ષથી પણ જૂની છે. જેમ મુઘલ શાસકો કોઈ વિસ્તાર જીતી લેતા હતા, ત્યાંના શહેરો અને ગામોના નામ પણ તેમના અનુસાર રાખતા જ્યારે મુહમ્મદ બિન તુઘલકે રાજધાની દિલ્હીથી દેવગિરીમાં ખસેડી, ત્યારે તેણે દેવગિરીનું નામ બદલીને દૌલતાબાદ રાખેલ.અલાદુદ્દીન ખિલજીએ વર્ષ ૧૩૦૩માં ચિત્તોડગઢના કિલ્લા પર કબજો કર્યા પછી, તેમના પુત્ર ખિઝર ખાનના નામ પર ચિત્તોડગઢનું નામ બદલીને ખિઝરાબાદ રાખેલ!આગ્રાનું નામ અકબરના નામ પરથી અકબરાબાદ રાખવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે અગાઉ બનારસનું નામ પણ થોડા દિવસો માટે મોહમ્મદાબાદ હતું. આ યાદીમાં ઘણા શહેરોના નામ છે. જેમ કે આમેરનું નામ બદલીને મોમિનાબાદ કરવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે ગુજરાતમાં અમદાવાદ શહેરનું નામ પહેલા કર્ણાવતી હતું. આ ઉપરાંત જામનગરનું નામ ઈસ્લામનગર, સતારાનું નામ અઝમતારા, મૈસૂરનું નામ નઝરાબાદ, મેંગ્લોરનું નામ જલાલાબાદ, મદિકેરીનું નામ જાફરાબાદ કર્યા નું ઉલ્લેખવામાં આવ્યું છે.

રાજ્ય કે શહેરનું નામ બદલવા માટે નામ બદલવા માટે માત્ર રાજ્યની જ નહીં પરંતુ કેન્દ્ર સરકારની પણ સંમતિ જરૂરી છે. કેબિનેટમાં દરખાસ્ત પસાર થયા બાદ શહેરનું નામ બદલવાના નિર્ણય પર મહોર લાગી છે. કેબિનેટમાં પ્રસ્તાવ પસાર થયા બાદ નવા નામનું ગેઝેટ (મેમોરેન્ડમ) બનાવવામાં આવે છે. નવું નામ ગેઝેટે થયા પછી જ સત્તાવાર રીતે શરૂ થાય છે.માત્ર નામ બદલવાથી કોઈની નિયતિ કે બદહાલી, ગરીબી, બેકારી , પ્રદૂષણ વગેરેમાં તસુભર ફરક પડતો નથી. ઉલ્કાનું નવા નામ મુજબ બોર્ડ, નકશા,ફોર્મ વગેરે છપાવવાનો ખર્ચ વધે છે!!

રાજ્યોના નામો પણ બદલાયા છે. પૂર્વ પંજાબનું પંજાબ, મધ્ય ભારતનું મધ્ય પ્રદેશ, મદ્રાસનું તમિલનાડુ, મૈસુરનું કર્ણાટક, મુંબઈ, કલકત્તા, મદ્રાસ, ત્રિવેન્દ્રમ સહિત ૧૫ શહેરોના નામ બદલાયા છે ઔરંગાબાદ શહેરનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર રાખવામાં આવ્યું છે, મહારાષ્ટ્ર સરકારના ઔરંગાબાદ અને ઉસ્માનાબાદનું નામ બદલીને અનુક્રમે છત્રપતિ સંભાજીનગર અને ધારાશિવ કરવાના નિર્ણયને મંજૂરી આપી હતી.આંધ્રપ્રદેશના 'રાજમુન્દ્રી' શહેરનું નામ ૨૦૧૭માં બદલીને 'રાજમહેન્દ્રવરમ' કરવામાં આવ્યું હતું. ઝારખંડનું શહેર નગર ઊંટરી ૨૦૧૮માં શ્રી બંશીધર નગર બન્યું.

બુલડોંઝર બાબાએ ૨૦૧૮માં જ યુપીના 'અલાહાબાદ' શહેરનું નામ બદલીને 'પ્રયાગરાજ' કરવામાં આવ્યું હતું. ૨૦૨૧ માં, મધ્ય પ્રદેશના 'હોશંગાબાદ' શહેરનું નામ બદલીને 'નર્મદાપુરમ' અને 'બાબાઈ' શહેરનું

આભાર - નિહારીકા રવિયા નામ બદલીને 'માખણ નગર' કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રથી લઈને દેશના અનેક શહેરોના નામ બદલવાની માંગ ઉઠી છે.૨૦૧૮માં ફૈઝાબાદનું નામ બદલીને અયોધ્યા કરેલ અલબત,અયોધ્યા , આનંદિની, ચકાસણી, સત, સાકેત, કોશલા, વિમલા, અપરાજિતા, બ્રહ્મપુરી, પ્રમોદવન, સંતનિલોક અને દિવ્યલોક એમ અલગ-અલગ બાર નામોથી જાણીતી છે..

પશ્ચિમ બંગાળ સરકાર ત્રણેય ભાષાઓ બંગાળી, અંગ્રેજી અને હિન્દીમાં રાજ્યનું નામ 'બાંગ્લા' રાખવા માંગે છે. ૨૦૦૭માં કેન્દ્ર સરકારે ઉત્તરાંચલનું નામ બદલીને ઉત્તરાખંડ કરવામાં આવેલ.સને ૨૦૧૧ માં, ઓરિસ્સા ઓડિશા બન્યું.જો કે, કેન્દ્રે મંજૂર ન કર્યા છતાં કલકતાનું નામ કોલકોતા કરવામાં આવેલ છે. કેરલ સરકાર કેરલનું નામ કેરલમ્ કરવાના મુડમાં છે. પશ્ચિમ બંગાળનું નામ બાંગ્લા કરવાના મુડમાં છે.જો કે, કેન્દ્રે મંજૂર ન કર્યા છતાં કલકતાનું નામ કોલકોતા કરવામાં આવેલ છે. કેરલ સરકાર કેરલનું નામ કેરલમ્ કરવાના મુડમાં છે. તામિલનાડુ સરકારે રાજ્યનું નામ બદલવા ભલામણ કરેલી ન હોવા છતાં રાજયપાલે તેના સંબોધનમાં તમિઝગમ કરવાનો ઉલ્લેખ કરેલ. હાલમાં ડબલ નહીં પણ ત્રિપલ સરકાર હોવા છતાં , આપણે અમદાવાદનું નામ કર્ણાવતી કરી શકેલ નથી.

હાલની સરકારે અગાઉની સરકારની યોજનાના નામો બદલવામાં પણ ઉલ્લેખનીય સિધ્ધિ મેળવી છે!વિશ્વ આરોગ્ય સંસ્થાના ટેડરોઝ ગેબ્રેયેસો હાજર રહેલ હતા. તેમણે પાકો ગુજરાતી હોવાનો દાવો વગર એફિડેવિટે કર્યો અને ગુજરાતી નામકરણ કરવા વિનંતી કરી. નામકરણ અને જાતજાતના મંત્રો રચવાના નિષ્ણાતે તેનું નામ તુલસીભાઇ નામ પાડ્યું.આ સફળતાથી પ્રેરાઇને આપણી સરકારે પ્રધાનમંત્રી નામાભિધાન યોજના ( વિદેશી) અમલમાં મુકનાર છે!એમાં વિદેશી નેતાઓના નામ બદલવામાં આવનાર છે! યુક્રેનના ઝેલેન્સ્કીનું જેન્તીભાઇ રાખવામાં આવશે.રશિયાના પુતિનનું નામ પથુભાઇ, ઈંગ્લેન્ડના વડાપ્રધાનનું નામ બચુભાઇ ,માર્ગરિટ થેચરનું નામ મણિબેન રાખવામાં આવશે.!

આપણા દેશમાં નામ બદલવાની પ્રોજવલ પરંપરા અને પ્રવૃતિ હોવા છતાં રાજ્ય કે કેન્દ્ર સરકારોએ નામબદલો મંત્રાલય કે વિભાગ રાખેલ નથી . જોકે , ધારાસભ્યો સાંસદોની એમએસપી કરતા ઉંચી કિંમતે ખરીદી વેચાણની લોકશાહીને સુદ્રઢ કરવાની પ્રવૃતિ ધ્યાને અલગ દલબદલુ મંત્રાલય રાખવાની તાતી આવશ્યકતા છે. દરેક રાજ્યોમાં નામબદલો આયોગની રચના તરવી પણ જરૂરી છે. નામબદલો સ્વાયત આયોગની રચના કરવા સરકારને નિર્દેશ આપવા કોઇ સજ્જને સુપ્રિમ કોર્ટમાં પીઆઇએલ જેવી અરજી કરેલ . પરંતુ સુપ્રિમે અરજીનું હાર્દ આત્મસાત કર્યા સિવાય અરજી ખારીજ કરીને વધુ એક વાર દેશની કુસેવા કરી છે, જેને ઇતિહાસ માફ નહીં કરે!! નામ બદલવામાં રચ્યાપચ્યા રહેનાર નેતાલોગની હાય લાગશે !!

હમણા નામ બદલવાના અતિરેકનો કિસ્સો પણ સામે આવ્યો છે. આપણે રામરહીમ સાંસ્કૃતિક વિરાસતના કેન્દ્ર સમાન અલાહાબાદનું નામ પ્રયાગરાજ કરી નાંખ્યું . વેરી ગુડ. જો કે અલાહાબાદ બેંકનું નામ પ્રયાગરાજ બેંક નથી કરાયું . પરંતુ,,એક મર્હૂમ શાયરનું નામતેમની રજામંદી એટલે કે પરવાનગી કે મંજૂરી વિના પાઠયપુસ્તકમાં તો એટલીસ્ટ બદલી નાંખ્યું છે? ટેકસ્ટહુકમાં મર્હૂમ શાયર જોશ મલિહાબાદીનું નામ જોશ પ્રયાગરાજ લખી નાંખ્યું!શાયર મર્હૂમ છે, આપણું શું ઉખાડી લેશે??


ભરત વૈષ્ણવ

# ગુજરાત એસ.ટીની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત

મુસાફરોને એક રાજ્ય માંથી બીજા રાજ્યમાં, એક જિલ્લા માંથી બીજા જિલ્લામાં તેમજ પોતાના ગંતવ્ય સ્થાનથી બીજા સ્થાને સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવા ગુજરાત એસ.ટીની બસો કાર્યરત છે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત એસ.ટી નિગમમાં અનેક આમૂલ પરિવર્તન કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા 'ય્જીઈઝ લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશન'




મારફતે મુસાફરોને બસનું લાઈવ ટ્રેકિંગ કરવું વધુ સરળ બન્યું છે, આજે ગુજરાતની ૮ હજારથી વધુ બસોમાં લાઈવ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત છે, જેનો ગુજરાતના ૭.૫ લાખ કરતા વધુ મુસાફરો ઉપયોગ કરી રહ્યા છે, તેમ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.લાઈવ ટ્રેકિંગ મોબાઈલ એપ્લિકેશનમાં મુસાફરો બસ નંબર અથવા ૅદ્બઈ દ્ર. ની મદદથી બસનું લાઈવ લોકેશન જોઈ શકે છે. એપ્લિકેશનમાં મુસાફરે બેસવા અને ઉતારવાની વિગતો ભરી તે રૂટ પર સંચાલિત તમામ બસોનું લાઈવ લોકેશન મેળવી શકે છે. મહિલા અને વયોવૃદ્ધ મુસાફર એકલા મુસાફરી કરતા હોય તેવા સમયે ઘરના સભ્યો દ્વારા બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી બસનો પહોંચવાનો સમય જાણી શકે છે. આ એપ્લિકેશન મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન જાણી બસ સ્ટેશન પર પહોચવાનું યોગ્ય આયોજન કરી પોતાના સમયની બચત પણ કરી શકે છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N O G S S:168**
વિષયઃ સાચા સુખનું સરનામું
શીર્ષકઃ આધ્યાત્મિક રાજયોગ
પ્રકારઃ ?? ગદ્ય        સંખ્યા ૩૨૭

આવો સૌ સાથે મળી આજે સાચાં સુખનો સરનામું શોધીએ...જે કોઈને પરફેક્ટ ખબર હોય તો,જરૂર કહેતાં જજો મારાં વ્હાલાં ભાઈ.......

કોઈ કહે છે કે -હું બહું જ ભાગ્યશાળી છું -કેમ કે મારી પાસે અનંત ભૌતિક સુખ સંપત્તિ છે . અને કોઈ કહે છે કે -હું ભાગ્યશાળી છું -કેમકે રાષ્ટ્ર નું શુંકાન મારી પાસે છે. અને કોઈ કહે છે કે -હું મોટામાં મોટો ભાગ્યશાળી છું કે -દુનિયામાં સૌથી મોટો પ્રથમ નંબર -હું જ ધનવાન વ્યક્તિ છું.!! અને કોઈ કહે છે કે -હું શેર બજારમાં ખૂબ કમાવું છું અને સુખી છું.

આમ સહું કોઈ નાશવંત ભૌતિક સુખ સંપત્તિ જાગીરને સંપત્તિ માં જ સુખ માને છે. જેને તે એ અંતકાળે છોડીને જવાનો છે.!!

??શરીર સુખની આ બધી વ્યાખ્યા છેવટે એનો વિલય છે. શરીર તો આત્માનું ખોખું છે. જે શરીર સુખ ભોગવા માટે મનુષ્ય રાત દિવસ કાળો ધોળું કર્મ આજે કરી રહ્યોં છે. જે -'મૃગ્ તૃષ્ણા (આભાસ) સમાન છે.'

અને કોઈ કહે છે કે હું ભાગ્યશાળી છું -કેમકે મને મારા પત્નીમાં અને બાળકોમાં સુખ દેખાય છે. ને કોઈ કહે છે કે -મને મારા પ્રેમીમાં સુખ દેખાય છે.!?

-આમ આ બધાં સ્થુળ સુખ આખરે નાશવાન છે. ટેમ્પરરી મન ને મનાવવા જેવું મન ને આનંદમાં રાખવાં જેવું છે. આવાં બધાં સુખ ક્ષણ ભંગુર સુખ -આશક્તિના અને મોહ નાં છે.

પરંતુ મારો અનુભવ કહે છે કે સાચો સુખનો પાયો એટલે સરનામું- 'આધ્યાત્મિક રાજયોગ છે.' અને રાજયોગ થી જ વ્યક્તિ પોતાની ઓળખ ને પામે છે. અને એ જ ઓળખ આત્મજાગૃતિ અને આત્મજાગૃતિથી આત્મીય સુખ નો અનુભવ કરી વાસ્તવિક સુખને પામે છે. આમ તે સાધક (વ્યક્તિ) સંતુષ્ટતા સાથે જીવનમાં સુખ પામી સત્કારાત્મક વિચાર સાથે અનંત સુખનું અનુભવ કરે છે. અને ભગવાનની સુરક્ષા કવચ પ્રાપ્ત કરે છે. અને અમર થઈ જાય છે.

-'આમ આધ્યાત્મિક સુખ આગળ બધાં સ્થૂળ(ભૌતિક) નાસવાન સુખ ફીકા પડી જાય છે. આધ્યાત્મિક સુખ એટલે આંતરિક સુખ કહેવાય છે. સ્થૂળ સુખ ની પ્રાપ્તિ હોવાં છતાં એટેચ નહીં ડિટેચ હોવું તે મોટું સુખ છે. જેમ કાદવમાં કમળ રહે છે.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : '' સુખનું સાચું સરનામું "
શીર્ષક : " સુખ મનથી મળે છે "
પ્રકાર : પદ્ય,      શબ્દો : ૮૩.

ભીતર જે હોય છે, બહાર શોધવાથી નહીં મળે,
સુખનું સાચું સરનામું બીજે મથવાથી નહીં મળે.

અસંતોષી માણસ હંમેશા દુઃખી રહેતો હોય છે,
એને સુખનો સૂરજ, ક્યારેય ના ઉગતો હોય છે,

સુખ હોય સંતોષમાં, કશેય દોડવાથી નહીં મળે,
ભીતર જે હોય છે, બહાર શોધવાથી નહીં મળે.

હોય ઘણું છતાં થોડું લાગે, એ દુઃખી થતા હોય,
થોડામાં ઘણું સમજનારા, અંતે સુખી થતા હોય,

સુખ મનથી મળે, ધન એકઠું કરવાથી નહીં મળે,
ભીતર જે હોય છે, બહાર શોધવાથી નહીં મળે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'સુખનું સાચું સરનામું'
શીર્ષક :- 'સમત્વ ભાવનો રોટલો'
પ્રકાર :- પદ્ય (શબ્દો :- ૧૧૮)

પેલા વડલાની છાંયમાં, સુતેલા ખેડૂતને કોઈ પૂછે,
સુખનું સાચું સરનામું કે', ભૂખ્યો છે કે ખાધો રોટલો ?

સંતોષી કે' તાવડીમાં તારો ને કાથરોટમાં મારો રોટલો,
ચાલ એક ભાણે જમવા બેસીએ, આપણા હક્કનો રોટલો.

મજદુરને મનગમતો મળે, મહેનતનો મીઠો રોટલો,
મિષ્ટાન કે પકોડા, તૃપ્તિ મળે, જો ખાય ઘરનો રોટલો.

ઘણા વિદેશ ભાગી ગયા, લઈને પ્રજાના ભાગનો રોટલો.
ઘણા ફરજ પુરી ન કરે, ને આરોગે સરકારનો રોટલો.

ગર્વ ન કર, કોને ખબર, ખાય છે કોના ભાગ્યનો રોટલો,
'દાંત આપ્યા તો ચાવણુ આપશે' વિશ્વાસે ખા સુકો રોટલો.

ચાલશે ને ફાવશે, શબ્દોમાં છુપાયું, સુખનું સરનામું,
ગીતા બતાવે સમત્વ ભાવનો, મનથી ઘડેલો રોટલો.

'સ્વજને' સ્વિકાર્યો, નિતિથી ટીપેલો, હાથનો રોટલો,
કદિ ન સુકાય એવો જોયો, જલાબાપાનો સત્ નો રોટલો.

(યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[NOGSS NO: 219**
વિષય : સાચા સુખનું સરનામું
શીર્ષક : ★"સાચા સુખનું સરનામુંઃ ઘર"★
પ્રકાર :લઘુમોટીવેશન શબ્દ સંખ્યા : ૨૯૭

ઘર એ ફક્ત ઈમારતનું નામ નથી, તે પ્રેમ, શાંતિ અને સુખનું જીવન્ત માળખું છે. ઘરની વ્યાખ્યા દરેક વ્યક્તિ માટે અલગ હોઈ શકે છે, પરંતુ દરેકના જીવનમાં તેનુ સ્થાન અનન્ય છે. ઘર એ જગ્યા છે જ્યાં માનવી પોતાને સચેત અને સુરક્ષિત અનુભવે છે, જ્યાં પ્રેમના બંધનો, સંબંધોની ગરમી અને લાગણીઓનું સ્વર્ગ વસે છે.

આધુનિક યુગમાં લોકો ભૌતિક વૈભવના પાછળ દોડે છે, પરંતુ જ્યારે સાચા સુખના સ્ત્રોત વિશે વિચારે છે, ત્યારે ઘરના વખાણ કર્યા વગર રહી શકતા નથી. ઘરના ચારેક દિવાલો જેટલા સારા હોય તેનાથી મહત્વનું છે ત્યાં રહેનાર લોકો અને તેમની લાગણીઓ.

ઘરનું મહત્વઃ-

ઘર એ મનુષ્યના જીવનનો આધાર છે. તે ફક્ત જીવન જીવવાની જગ્યાથી વધુ છે; તે જીવન જીવવાનો અર્થ શીખવતી જગ્યા છે. અહીંના દરેક પ્રસંગમાં પ્રેમ અને એકતાનું પ્રતિબિંબ જોવા મળે છે.

૧. શાંતિનું સ્થાનઃ-

દિવસભરની થાકમંદ પળો પછી વ્યક્તિએ જ્યાં શાંતિ અનુભવી શકે છે, તે ઘર છે. આ જ જગ્યા છે જ્યાં માણસના દિલને આરામ મળે છે અને નવી શક્તિ પેદા થાય છે.

૨. સંબંધોનું મઢોળુંઃ-

ઘરમાં રહેનાર પરિવારજનોના પ્રેમ અને સમર્થનથી જ જીવન પૂરું થાય છે. સંબંધો અને લાગણીઓના આધારે ઘર જીવનમાં ખાસ સ્થાન ધરાવે છે. પ્રેમાળ વાતચીત, હાસ્ય-મજાક અને મીઠા ઝઘડાઓ ઘરનાં જીવનને વિશેષ બનાવે છે.

૩. વિશ્વાસ અને સુરક્ષાઃ-

ઘર એ એવી જગ્યા છે જ્યાં વ્યક્તિ કોઇ પણ મુશ્કેલીમાં વિશ્વાસ અને આશરો મેળવે છે. આ વિશ્વાસ જ જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપે છે.

આખરે, જીવનમાં સાચા સુખનું સ્થાન કોઈ ધન, સંપત્તિ કે સત્તામાં નહીં પણ આપણા ઘરમાં છે. ભૌતિક વૈભવથી મળતાં આનંદનું મર્યાદિત જીવન છે, જ્યારે ઘરનું સુખ કાયમી છે. જીવનના દરેક તબક્કે જે શાંતિ મળે છે તે ઘરના પ્રેમ અને એકતાથી જ સંભવ છે.

"સાચા સુખનું સરનામું એ તમારું ઘર છે, જ્યાં તમારું હૃદય અને આત્મા બંને શાંતિ પામે છે."
જ્યાં ઘર છે ત્યાં જ જીવન છે, અને જ્યાં જીવન છે ત્યાં જ સાચું સુખ છે.

નયના જે. સોલંકી..આંખો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.: 177**
વિષયઃ સુખનું સાચું સરનામું
શીર્ષકઃ ક્યાં મળ્યું?
પ્રકારઃ પદ્ય.     શબ્દો : ૪૧
ફૂલોમાં શોધ્યું,
પણ ફોરમમાં મળ્યું.

આભમાં શોધ્યું,
પણ ઉડતા વાદળમાં મળ્યું.

દરિયામાં શોધ્યું,
પણ છીપલાંમાં મળ્યું.

બાગમાં શોધ્યું,
પણ પંખીઓના કલરવમાં મળ્યું.

જગતમાં શોધ્યું,
પણ બાળકોના સ્મિતમાં મળ્યું.

શોધવા નીકળી "રાધા" જે સુખનું સરનામું,
તે અચાનક મારા ભીતરમાં મળ્યું.

નેહા મયુર "રાધા"..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 378**
વિષયઃ સાચા સુખનું સરનામું
શીર્ષકઃ "સ્વર્ગનું સુખ"
પ્રકારઃ પદ્ય   શબ્દ સંખ્યાઃ ૯૧

દુઃખને સુખ બંને, એક જોજન દૂર રહેવાના,
સુખ તો ઝાંઝવા જેવું, મનોમન દૂર રહેવાના.

સ્વર્ગનું સુખ ધરતી પર, તમે સૌ માણતાં રહેજો,
નહીં તો સ્વર્ગ મળવાના, પ્રયોજન દૂર રહેવાના.

મને મારો જ પડછાયો, ભલે નાખે ને ઓગાળી,
છતાં સપના અમે જોયા, એ યોજન દૂર રહેવાના

નથી હું રાગ કે આલાપ, કે લયમાં તમે ઢાળો,
અલગ વાજિંત્ર
આભાર - નિહારીકા રવિયા છું તોયે, પ્રલોભન દૂર રહેવાના.

હું પોતાને સમજવામાં, ખતા ખાઈ ગયો છું પણ,
કરી લ્યો લાખ કોશિશો, સંયોજન દૂર રહેવાના.

ડૂબેલાને ફરી ડૂબી જવા, મજબુર નહીં કરશો,
પછી ઘાયલ થયેલા, દિલના સ્પંદન દૂર રહેવાના.

રમેશ શર્મા 'વ્યોમ'.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષયઃ-"સુખનું સાચું સરનામું"★
★શીર્ષકઃ-"પ્રભુભક્તિ પામું"★
★પ્રકારઃ- પદ્ય, શબ્દોઃ- ૧૦૮★
હે પ્રભુ, મુજ કાજે શાને કર્યું દુઃખોનું આ પંચનામું ?
હે ઈશ, હું શોધું તવ ચરણો તળે ★સુખનું સાચું સરનામું."★
હે પ્રભુ.........
દુઃખોમાં સમત્વભાવ રાખીને વિતાવ્યું છે આ જીવન,
કદીક તો હું ફરિયાદ કરુંને જ્યારે ઉદાસ થાયે આ મન,
ડગલે ને પગલે પગલાં ડગમગ થાયે તો કેમ હું જામું ?
હે પ્રભુ........
હે નાથ, ગીતાજ્ઞાનથી હું રહ્યો છું નિઃસ્પૃહ,
ચડતી - પડતીમાં પણ નથી જ ડગવા દીધો કદી મારો રૂહ,
ચૂકવતો જ આવ્યો છું,કદી ઉધાર રાખીને નથી કર્યું નામું.
હે પ્રભુ........
જીવનસફરમાં કોઈ મળ્યા ને કોઈના સાથ પણ છે છૂટયા,
અન્નજળ પૂર્ણ થયે વિદાય લીધી ને મારાં સપનાં છે તૂટયાં,
★"પંકજ"★- તોયે ભાવપ્રેમથી જીવીને હું મારી ★પ્રભુભક્તિ પામું.★
હે પ્રભુ.........
★લેખકઃ- મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષયઃ- સુખનું સાચુ સરનામુ
શીર્ષકઃ- ક્યાં શોધુ ?
પ્રકારઃ- પદ્ય (કાવ્ય). શબ્દો :- ૭૮

મનની આંખે જોયા તમને, તનની આંખે જોવુ,
ખોવાયું ખુદમાં ખોળિયું, સુખનું સરનામુ ક્યાં શોધુ ?

અશ્રુનો ઉદધિ ઉલેચ્યો, હવે ઉરનો ક્યાં ઉલેચું,
મૃગજળમાં મરી ગ્યું હરણુ જળનુ સરનામું ક્યાં શોધુ ?

નશ્વર કહયું છે નામને, તોય નામમાં છે ઘણુ,
વેરણ છેરણ થઈ વેદના, વહાલનુ સરનામુ ક્યાં શોધુ ?

કલ્પાંત કરતી કાયા, કંચન, કામિની કહે ના કહે,
કોરુ ધાકોર કફન હવે, કબરનું સરનામું ક્યાં શોધુ ?

અમૃત આમ આથડવાથી, મનની મોજ ના મળે,
જગદીશ એજ જીવન છે, સુખનુ સરનામુ ક્યાં શોધુ ?
અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 0051**
વિષય : સુખનું સાચું સરનામું
શીર્ષક : સત્ય જીવન રાહ
પ્રકાર : પદ્ય  - શબ્દો : ૭૩
જીવન મોઘુંને મોજ
બની ગયું રે..!
ઘડીકની ગમ્મત કરે
હિસાબ કરે સમય..!
સુખ કે દુઃખ
આવે ને જાય..!
મીઠી પળોની યાદ
ભૂલાવે દુઃખનો પહાડ..!
સુખનું સાચું સરનામું
સત્ય જીવનની રાહ..!
નામઃ ઉર્વશી મહેતા.અમદાવાદ

# પદ્ય રચના

શબદ સમજ સજે શણગાર કે હવે અમે સમજતા થયા
વિચાર બિંદુ માં વધે ગુણગાન કે હવે અમે સમજતા થયા

પ્રેમ ભર્યા પડકાર અને સહકાર કે હવે અમે સમજતા થયા છીએ
ધર્મ ધ્યાન માં વિતે જીવન અપાર કે હવે અમે સમજતા થયા છીએ

જીવન જીવવું ઘણું ગમશે હવે કે અમે સમજતા થયા છીએ.

અશોકકુમાર પી શાહ "પરાગરજ" (મુંબઈ)

પપપપપપપપ

ફાગ મુબારક

પર્ણ ઓછા ને ફૂલ જાજા, જુઓને લચી પડ્યો આ કેસુડો...

આંખોથી જોવાય, પણ આંખમાં ના સમાય, રંગ એવો કંઈક ભરી જાય, આ કેસુડો...

રંગે રાતો, ને મદમાતો, એના રંગે રગી જાય, આ કેસુડો...
ડાળેથી તોડ્યું, જરા એક ફૂલ, હૃદયે વસી જાય, આ કેસુડો...

રાજ મહેતા (ભાવનગર )

પપપપપપપપ..

મારું પ્યારૂં ગુજરાત-

ગાંધી ગુણીયલ સંત ભલે, સત્ય અહિંસા સમભવ,
દ્રઢ લોખંડી સરદાર શોહે, ઘડવૈયો અખંડ હિંદ નો.

દયાનંદ દલપત નરસિંહ, અને ઓખો નર્મદ કાગ,
જલો ભગત છે શાન વડી, આ ગુણિયલ ગુજરાત.

કલાપિ પ્રણય પ્રિતે રંગાયો, કેવો કેકારવ અનમોલ,
કલમ તીખી ખૂબ ધાર સજી, મેઘાણી ગરજ્યો શેર.

કૃષ્ણ કનક નગરી દ્વારીકા, અને સૌરાષ્ટ્રે સોમનાથ,
નવરાત્રી શક્તી સૌર્ય સજે, આ ગુણિયલ ગુજરાત.

નર્મદા તાપિ ને સાબરમતી, છે પાવન નદીયો નિર,
લે સમુદ્ર સૌંરો છલકી રહી, છે પટ પટ્યો વિશાલ.

ગુજરાતી ગુણિયલ ઉદ્યમી, હાં વસ્યો દેશ વિદેશ,
નદેન્દ્ર તાલીયો ખૂબ બજી, આ ગુણિયલ ગુજરાત.

મ્છેંદ્ધ જીઊઁદ્ધન્છેં જીછ

પપપપપપ..

સંગાથ છોડ્યો.

તેં જ પડછાયો બનીને ચાલવાનો વાયદો કર્યો,
ને હવે સૂર્યાસ્ત પહેલાં જાતનો સંગાથ છોડ્યો?

આંધળો વિશ્વાસ મૂકીને ખરેખર નાસમજ ઠર્યો,
વાતની શરુઆત કરનારા તમે તો સાથ છોડ્યો!

આપણે વૈશાખના વાદળ થયાં, વરસી શક્યા ના,
આખરે આષાઢના વાદળ થવાનો પાથ છોડ્યો.

જિંદગીમાં પ્રેમની અમને તરસ સાચી હતી પણ,
આંખની ભીનાશને સમજ્યા વિના તેં હાથ છોડ્યો.

હોઠ પર 'રશ્મિ' હૃદયની વાત સમજાવી શક્યો ના,
આંખને વાંચ્યાં વિના ભોળા હૃદયનો નાથ છોડ્યો.

રશ્મિ શાહ. (અમદાવાદ)

# ઉતરાયણ પૂર્ણ થઈ ગયા પછી કપાયેલી દોરી સાથે પતંગ એકઠા કરી નષ્ટ કરી દઈએ



ઉતરાયણ નો પર્વ એટલે પરિવાર અને મિત્રો સાથે પતંગ ચગાવવાનો એક અનેરો શુભ અવસર છે. તેમજ દાન્યપૂર્ણ આપવાનો મહિમા ખૂબ જ અનેરો છે. વિશેષ ઉતરાયણનો પૂર્ણ થઈ ગયા પછી રોડ તેમજ રસ્તા , ઝાડ તેમજ વિવિધ જગ્યાએ કપાયેલા પતંગો તથા દોરી અબોલા પશુઓ અને પક્ષીઓ તથા કોઈપણ વ્યક્તિને નુકસાન ન થાય તો આ દોરી અને પતંગોની એકઠા કરીને નષ્ટ કરી દેવા જોઈએ.... વિનોદ બાંડીવાળા ડીસા

# આજનો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઇનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક : શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર




'નેશનલ સ્ટાર્ટઅપ ડે-૨૦૨૫'નો દિવસ નવીન વિચારો, આઈડિયા અને સંકલ્પો સાથે દેશને ગ્લોબલ ઈનોવેશન હબ બનાવવા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. રાજ્યમાં શરૂ કરવામાં આવેલ જીજ્ઞૅ ૧.૦માં માત્ર સાયન્સ અને ટેક્નોલોજીના વિદ્યાર્થીઓ જ ભાગ લઈ શકતા હતા, પરંતુ આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસીને વેગ આપતી જીજ્ઞૅ ૨.૦ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ તથા સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ દરેક ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી- જીજ્ઞૅ ૨.૦ અંતર્ગત 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની રાજયવ્યાપી ઉજવણી શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા દ્વારા કરવામાં આવી હતી.

શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈએ કહ્યું હતું કે, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી-જીજ્ઞૅ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાય એ માત્ર આર્થિક સહાય નથી, પરંતુ તેમના સપનાઓને ઉડાન આપવાનો એક પ્રયાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે આયોજિત વિકસિત ભારત યંગલીડર્સ ડાયલોગ ૨૦૨૫ના સ્પર્ધકોને સંબોધતા કહ્યું હતું કે ભારતની યુવાશક્તિ દેશ માટે ઉલ્લેખનીય પરિવર્તન લાવી રહી છે. દેશના નવયુવાનો ભારતને ઝડપથી વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૨માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૬ જાન્યુઆરીને 'નેશનલ સ્ટાર્ટઅપ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસ ભારતમાં નવોદિત અને નૂતન વિચારોથી ભરપુર વિદ્યાર્થીઓ થકી વિકસિત ભારતજ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની ભૂમિકા ભજવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન દ્વારા વિદ્યાર્થીઓ માત્ર પોતાની માટે નહીં, પરંતુ આપણે સૌ માટેના નવીન ભારતના નિર્માતા છે. નિષ્ફળતા ભયજનક નથી પરંતુ તે શીખવા માટેની એક તક છે. તેવી જ રીતે મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓના માર્ગદર્શક એવા શિક્ષકોના યોગદાનને બિરદાવ્યું હતું. શિક્ષકોના દ્રષ્ટિકોણથી જ વિધાર્થીઓને તેમની વિચાર શક્તિને પાંખ મળે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માત્ર શીખવતા નથી, પરંતુ તેમને પ્રશ્નોના ઉકેલો શોધવા અને પદ્ધતિશીલ થવા પ્રોત્સાહિત કરે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત- ૨૦૪૭'ના સ્વપ્નને ગુજરાત તમામ ક્ષેત્રે વિકસિત બની સાકાર કરશે. રાજયના વિદ્યાર્થીઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે વિશ્વસ્તરે પોતાનો યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી જીજ્ઞૅ ૨.૦ના મુખ્ય હેતુઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન દ્વારા રાજયના યુવાધનનું તેમની સર્જનાત્મક ક્ષમતાને વિકસાવવા માટે સશક્તિકરણ કરવું જેથી તેઓ આત્મનિર્ભર ગુજરાતના નિર્માણ માટે યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે ભારતની ૬૫ ટકાથી વધુ વસ્તી ગામડાઓમાં વસે છે. તેમજ બધા જ ગામોમાં ત્યાંની કોઈ લોકલ વસ્તુઓ પ્રખ્યાત હોય છે, એ પ્રખ્યાત વસ્તુઓ માર્કેટમાં વેચવાનો વિચાર આવવો એ જ સાચા અર્થમાં સ્ટાર્ટઅપની શરૂઆત છે, સાથોસાથ રાજયની તમામ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકોએ ભણતરની સાથે સાથે ઉદ્યોગ-સાહસિક થવા માટે સ્ટાર્ટઅપ અને ઈનોવેશનનો પણ ખ્યાલ આપવો જોઈએ કારણ કે, આજના સમયમાં વિદ્યાર્થી સ્ટાર્ટઅપ દ્વારા સારી આજીવિકા મેળવી શકે છે.મંત્રી શ્રી પાનશેરીયાએ ઉમેર્યું હતું કે, આજના સમયમાં ગૌ-મૂત્ર આધારિત દવાઓ તેમજ અગરબત્તીનો બનાવવામાં આવી રહી છે. આજે ગુજરાતના કેટલાક ગામોમાં સ્ટાર્ટઅપની મદદથી પ્રાકૃતિક ખેતીની પ્રોડેકટનો યોગ્ય પેકિંગ કરીને માર્કેટમાં વેચી સારી આજીવિકા મેળવી રહ્યા છે. મંત્રીશ્રીએ સ્ટાર્ટઅપના અનેક ઉદાહરણ આપી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવનારા સમયમાં સ્ટાર્ટઅપની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું.સંકુલ ઓફ ઁરૈના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ એડવાઈઝર શ્રી અંકિત ઠાકોરે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપવાનું ઉમદા કાર્ય શિક્ષણ વિભાગ કરી રહ્યું છે. વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે વધુ પ્રોત્સાહન આપવા ઁરૈ દ્વારા ચાર જિલ્લાઓમાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. સાથે જ, ઁરૈ દ્વારા સ્ટાર્ટઅપ કરતા વિદ્યાર્થીઓની સતત મોનિટરીગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.આ પ્રસંગે મંત્રીશ્રીઓના વરદ હસ્તે સ્ટાર્ટઅપ માટે ૧૧૦ જેટલા સાહસિક વિદ્યાર્થીઓ પૈકી ૧૦ને પ્રતિકાત્મક રૂપે પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦,૦૦૦નો ચેક, 'ઝીરો ટું વન' પુસ્તક અને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાથે જ, સ્કૂલ ઓફ કમિશનર હેઠળના ઁરૈ દ્વારા વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના સ્ટાર્ટઅપ અંગે નવા વિચારો રજૂ કરી શકશે. સાથે જ, તેમના વિચારોનું રાજયકક્ષાએ મોનિટરીગ કરવામાં આવશે.આ પ્રસંગે શિક્ષણ વિભાગના નિયામક શ્રી પી.આર. રાણા, કમિશનર ઓફ સ્કૂલના સંયુક્ત નિયામક શ્રી વાય. એસ. ચૌધરી, સમગ્ર શિક્ષાના સ્ટેટ પ્રોજક્ટર ડાયરેક્ટર શ્રી લલિત નારાયણસિંહ સાંધુ, શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત વર્ચ્યુઅલી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કૂલ અંકલેશ્વરના શાશ્વત સમન્વય પંચમહાભૂત થીમ આધારિત ૧૭ માં એન્યુઅલ ડે ની ધમાકેદાર ઉજવણી કરાઈ હતી



ખ્યાતનામ ધરાવતી અંકલેશ્વરની શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પબ્લિક સ્કૂલ અંકલેશ્વરનો ૧૭ મો વાર્ષિકોત્સવ શાનદાર રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે ગુરુકુલ પરિવારના પ્રેરણાસ્રોત અને વડા સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયા સર, અતિથિ વિશેષ રૂપે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રીહિંમતભાઈ શેલડીયા, મુખ્ય મહેમાન અંકલેશ્વર નોટીફાઈડ એરિયાના પ્રમુખ શ્રીઅમુલખભાઈ મોરડીયા, જીઆઈડીસી વસાહતના ઉદ્યોગપતિઓ તેમજ વિપુલ સંખ્યામાં ગુરુકુલ શાળાના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. માનવ શરીર પંચ મહાભૂતોથી બનેલું છે. આ થીમ ઉપર બાળકોએ અદ્ભુત, નાટક, પ્રદર્શન તેમજ કૃતિઓ રજૂ કરીને સૌના દિલ જીત્યા હતા. આ લાઈવ પ્રોગ્રામને નિહાળીને વિદેશના હરિભક્તોએ પણ સંસ્થાની પ્રવૃત્તિની પ્રશંસા કોમેન્ટમાં આપી હતી. વર્ષ દરમિયાન વાલીઓ તેમજ વિદ્યાર્થી મિત્રોએ અલગ અલગ ઈવેન્ટમાં ભાગ લીધો હોય, તેઓને શિલ્ડ - ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ભરત નાટ્યમ કળામાં પ્રવીણ એવા સફળ નૃત્યનાટિકા સાયન્તિમેડમે વિદ્યાર્થીઓ પાસેથી હાર્ડવર્ક કરાવીને પ્રોગ્રામને ચાર ચાંદ લગાવી દીધા હતા. શાળાના અતિ ઉત્સાહી આચાર્યાશ્રી અમિતા મેમ, હેમલતા મેમ, અલ્કા મેમ તથા શિક્ષકમિત્રોએ ખરેખર કાર્યક્રમને સફળ બનાવવા દિલથી મહેનત કરી હતી.

અહેવાલ કનુભાઈ ખાચર

## સ્વર્ણિમ ગુજરાત ફાઉન્ડેશન સુરત દ્વારા સરદાર પટેલની પ્રતિમાનું કામરેજ પાસોદરાં ખાતે અનાવરણ કરવામાં આવ્યું મેયર દક્ષેશ માવાણીના અધ્યક્ષ સ્થાને આયોજન

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતીના ઉપલક્ષમાં આ પ્રતિમા શ્યામ નગર સોસાયટી પાસોદરા પાટિયા ખાતે ના ગેટ નંબર બે પર અર્પણ કરવામાં આવી હતી આં અંગે વધુ માહિતી આપતા સંસ્પ્રથાસ મુખ શ્રી ઘનશ્યામ બિરલા એ જણાવ્યું હતું કે સુરત શહેર નાં મેયર દક્ષેશ માવાણીએ સૌ પ્રથમ સોસાયટીમાં આવેલ શ્યામનાથ મહાદેવ મંદિરમાં મહાદેવની પૂજા કરી અને સરદાર પટેલની પ્રતિમાનું અનાવણ કર્યું હતું હાલ સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી જયારે સમગ્ર ભારતમાં




મનાવવામાં આવી રહી છે ત્યારે સુરતની આ સંસ્થા દ્વારા જે સરદાર સાહેબની યાદગીરી કાયમ રહે તેવા પ્રયાસો કરવા બદલ મેયર સાહેબ સંસ્થા ને અભિનંદન પાઠવ્યા હતા પોતાના મેયર નાં કાર્યકાળ દરમિયાન સરદાર સાહેબ ની પ્રતિમા નું લોકાર્પણ કરવાનો પહેલો મોકો મળ્યો હોય તે બદલ અહોભાવ ની લાગણી વ્યક્ત કરી હતી

આ કાર્યક્રમમાં શહેરના સામાજિક અગ્રણી શ્રી દેવચંદભાઈ કાકડીયા વૃક્ષ પ્રેમી મનસુખભાઈ નારીયા વૈજ્ઞાનિક બાબુભાઈ રાદડિયા સરદાર પટેલ સ્કૂલ વિપુલભાઈ જીરા અગ્રણી બિલ્ડર તેમજ નવાગામ નાં સરપંચ સુમિત્રા બેન પટેલ તાલુકા પંચાયત નાં ભૂમિકા બેન પટેલ જિલ્લા પંચાયત નાં સભ્ય મુકેશ ભાઈ રાઠોડ કામરેજ ભાજપ ની ટીમ નાં સુચેતન ભાઈ પટેલ સની ભાઈ પટેલ કૌશલ ભાઈ પટેલ જેવા મહાનુભાવો જોડાયા હતા આ કાર્યક્રમ ની સુંદર વ્યવસ્થા સોસાયટી નાં પ્રમુખ રમેશ ભાદાણી અને ટીમ દ્વારા કરવામાં આવી હતી

આ કાર્યક્રમ માં સંસ્થા નાં હરેશ માંગરોળીયા ડો મધુકાંત ગોંડલિયા મનસુખ રાવની બાબુલાલ હડિયા જેવા મિત્રો જોડાયા હતા

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વડનગરના વિકાસનું વિઝન થઈ રહ્યું છે સાકાર

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ (પુરાતત્વ અનુભવ સંગ્રહાલય), પ્રેરણા સંકુલ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા વિકાસકાર્યો પૂર્ણ થવાથી વડનગરની મુલાકાતે આવનારા પ્રવાસીઓને હવે એક નવો અનુભવ મળશે. ગુજરાતના પ્રાચીનતમ શહેર વડનગરનો ઈતિહાસ ખૂબ જ ભવ્ય છે. ૨૫૦૦ વર્ષ કરતા વધુ સમયથી સતત ધબકતું રહેલું આ શહેર સાત અલગ અલગ રાજવંશોના શાસન હેઠળ રહ્યું છે.

વડનગર મુખ્ય વ્યાપારી માર્ગ પર સ્થિત હોવાને લીધે હિંદુ, બૌદ્ધ, જૈન અને ઈસ્લામ ધર્મોના સંગમનું એક જીવંત કેન્દ્ર હતું. આ શહેર સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરોનો અણમોલ ખજાનો છે. તમામ ઐતિહાસિક ખાસિયતો ધરાવતું હોવા છતાં લોકોથી અજાણ્યું રહેલું વડનગર તે સમયે દેશ અને દુનિયાના નકશા પર ઉભરી આવ્યું, જ્યારે અહીંની ભૂમિમાં જન્મેલા શ્રી નરેન્દ્ર મોદી ભારતના વડાપ્રધાન બન્યા. આ વડનગરના ઐતિહાસિક મહત્વ અને પ્રવાસન સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તેની સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ શરૂ કરવા માં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર વડનગરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સંવર્ધન માટે તેમજ આ ઐતિહાસિક નગરમાં પાયાની અને પ્રવાસન સુવિધાઓ વિકસિત કરવા માટે વિશેષ પ્રયાસો કરી રહી છે. વડનગર પર આઈઆઈટી ખડગપુર, આઈઆઈટી ગુવાહાટી, આઈઆઈટી ગાંધીનગર, અને આઈઆઈટી રૂડકી તરફથી વ્યાપક બહુ-વિષયક શોધ શરૂ કરવામાં આવી છે.


વડનગરમાં રહેલી પ્રવાસનની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને વડનગરમાં વિવિધ પ્રવાસન આકર્ષણો તેમજ પ્રવાસી સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં બૌદ્ધ સર્કિટનો વિકાસ થઈ રહ્યો છે, જેનો એક હિસ્સો વડનગરમાંથી પસાર થાય છે. ગુજરાતના પુરાતત્વ વિભાગને વડનગરમાં ખોદકામ દરમિયાન બૌદ્ધ મઠના અવશેષો મળ્યા હતા. વડનગર સુધી પ્રવાસીઓ સહેલાઈથી પહોંચી શકે તે માટે વડનગર રેલવે સ્ટેશનનો વિકાસ કરવામાં આવ્યો છે. વડનગરના આશરે ૪૫૦૦ વર્ષ જૂના શર્મિષ્ઠા તળાવનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ માટે ત્યાં બોટિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે, તેમજ ઓપન એર થિયેટરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, મલ્હાર રાગ ગાઈને સંગીત સમ્રાટ તાનસેનના દેહના દાહને શાતા આપનાર વડનગરની બે બહેનો તાના અને રીરીની સ્મૃતિમાં દર વર્ષે તાના-રીરી સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેની શરૂઆત પણ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં કરાવી હતી. તાના-રીરી મહોત્સવ આજે વિશ્વ કક્ષાએ પ્રસિદ્ધિ પામ્યો છે, જેમાં દર વર્ષે શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા કલાકારોને 'તાના-રીરી' એવોર્ડ પણ આપવામાં આવે છે.

આ સાથે જ વડનગર અને તેની આસપાસના વિસ્તારના લોકોને તબીબી સુવિધાઓ અને સારવાર માટે વડનગરમાં અદ્યતન હોસ્પિટલ પણ શરૂ કરવામાં આવી છે.

ગુજરાતનું વડનગર શહેર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હવે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ વડનગરને ત્રણ નવા વિકાસકાર્યોની ભેટ આપવા જઈ રહ્યા છે.

★આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ: ૨૫૦૦ વર્ષોની ઐતિહાસિક યાત્રાનો અનુભવ★ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ વડનગરમાં નવનિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું ઉદ્ઘાટન કરશે. આ ભારતનું આ પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે, જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રાજ્યના ડિરેક્ટોરેટ ઓફ આર્કિયોલોજી અને મ્યુઝિયમના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિયમનો ઉદ્દેશ્ય અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઈતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી




આ શહેરમાં થતી રહેલી માનવ ઉત્ક્રાંતિને પ્રદર્શિત કરવાનો છે. આ મ્યુઝિયમને પુલ મારફતે ખોદકામની લાઈવ સાઈટ સાથે જોડવામાં આવ્યું છે. ?૨૯૮ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ચાર માળનું મ્યુઝિયમ લગભગ ૧૨,૫૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ મ્યુઝિયમના મકાનમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી ૫૦૦૦થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે. ઑડિયો-વિઝ્યુઅલ ફિલ્મો અને પ્રદર્શનો સાથે, આ આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ ઈતિહાસ અને સંસ્કૃતિના શોખીનો માટે એક ખાસ ભેટ છે. પ્રવાસીઓને વડનગરના પુરાતત્વીય ખોદકામમાંથી મળેલા અવશેષોનો અનુભવ પૂરો પાડવા માટે એક કાયમી શેડ બનાવવામાં આવ્યો છે તેમજ અન્ય પ્રવાસન સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની, કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે.

★'પ્રેરણા સંકુલ': આધુનિક ટેક્નિકની સાથે-સાથે નૈતિક મૂલ્યોના પાઠ★

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી ?૭૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા 'પ્રેરણા સંકુલ'ને રાષ્ટ્રને સમર્પિત કરશે. 'પ્રેરણા સંકુલ' એ વડનગરની ઐતિહાસિક પ્રાથમિક શાળાની ઈમારતના નવીનીકરણ માટેની એક પહેલ છે. ૧૮૮૮માં સ્થાપિત થયેલા આ જ શાળામાં આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા આ શાળાને ભવિષ્યની આધુનિક શૈક્ષણિક સંસ્થા તરીકે વિકસિત કરવામાં આવી છે, જેમાં નવી ટેક્નોલોજી દ્વારા શિક્ષણ અને નૈતિક મૂલ્યોનો અનોખો સંગમ છે.

પ્રેરણા સંકુલનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકોમાં વિકાસ અને પરિવર્તનની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે. આ સ્કૂલ યુવાનોને એ માર્ગ પર આગળ વધવા માટે પ્રેરિત કરશે, જયાંથી વડાપ્રધાનશ્રીની શૈક્ષણિક યાત્રા શરૂ થઈ હતી. સ્ટડી ટુર હેઠળ દેશના તમામ જિલ્લાઓના વિદ્યાર્થીઓ અહીંયા એક સપ્તાહ સુધી ભણવા માટે આવે છે. અત્યારસુધીમાં દેશના વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ૩૬ ગ્રુપ અહીંયા ભણવા માટે આવી ચૂક્યા છે, જેમાં ૭૨૦ વિદ્યાર્થીઓ અને ૩૬૦ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ પરિસરમાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમને આઈઆઈટી, ગાંધીનગર દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં ૯ મૂલ્ય-આધારિત વિષયો સામેલ છે.

★પરિસર વિકાસકાર્ય★

શ્રી અમિત શાહ વડનગરના વારસાને સુરક્ષિત રાખવા માટે શરૂ કરવામાં આવેલા પરિસર વિકાસકાર્યનું અવલોકન પણ કરશે. પરિસર વિકાસકાર્ય અંતર્ગત, ચાર સંકુલમાં વારસાના સંરક્ષણ અને વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રવેશ પુનઃસ્થાપન, રસ્તાનું બાંધકામ, ઈમારતનો પુનઃઉપયોગ, રાહદારીઓ માટે સંકેતો અને શેરીઓના ફર્નિચરમાં સુધાર જેવા કાર્યો હાથ ધરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.